

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 17
Issue : 340
Dt.: 21-08-2025, Thursday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ભારતમાં ઉત્પાદન વધારી રહ્યું છે એપલ

# આઈફોન ૧૭નું ભારતમાં ઉત્પાદન શરૂ, ટ્રમ્પની ધમકીની કોઈ અસર નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

એપલ દ્વારા આઈફોન ૧૭ના તમામ મોડલનું ભારતમાં ઉત્પાદન શરૂ થઈ ગયું છે. આ તમામ આઈફોનને ત્યાર બાદ અમેરિકામાં મોકલવામાં આવશે. ચીન અને અમેરિકાના ટેરિફ વોરને લઈને કંપનીને ખૂબ જ સમસ્યા ઊભી થઈ હતી. ત્યારે એપલ દ્વારા ભારતમાંથી આઈફોનને મોકલવામાં આવ્યા હતા. જોકે ત્યાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એપલને ધમકી આપવામાં આવી હતી કે તેઓ અમેરિકામાં ફોન નહીં બનાવે તો તેમની પ્રોડક્ટ પર ટેરિફ લગાવવામાં આવશે. જોકે એ છતાં એપલે ભારતમાં ઉત્પાદન શરૂ કરી દીધું છે.

એપલ દ્વારા આઈફોન ૧૭ સિરીઝમાં આઈફોન ૧૭, આઈફોન ૧૭ પ્રો, આઈફોન ૧૭ પ્રો મેક્સ અને નવું મોડલ આઈફોન ૧૭ એરનો સમાવેશ કર્યો હોવાની ચર્ચા છે. આ તમામ મોડલનું ભારતમાં ઉત્પાદન શરૂ કરાયું છે.

એપલ દ્વારા ચીનમાં પણ ઉત્પાદન કરાઈ રહ્યું છે. જોકે એપલ હવે એક માત્ર ચીન પર નિર્ભર નથી રહેવા માગતું અને એથી તેઓ હવે અન્ય માર્કેટને પણ ધ્યાનમાં લઈ રહ્યા છે અને એથી ભારતને પસંદ કરવામાં આવ્યું છે. આ પહેલી વાર થયું છે કે લોન્ચ પહેલાં તમામ મોડલ હવે ભારતમાં



બનાવવામાં આવી રહ્યા છે.આ વર્ષની શરૂઆતમાં જ એપલ દ્વારા અમેરિકા માટે જેટલા પણ મોબાઈલની જરૂર પડે છે એ તમામને ચીનની જગ્યાએ ભારતમાંથી મોકલ્યા હતા. અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ વોરને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ એપલ દ્વારા તેના મેન્યુફેક્ચરિંગ યુનિટમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પહેલાં ત્રણ ફેક્ટરી હતી, પરંતુ થોડા સમય પહેલાં જ બીજી બે શરૂ કરવામાં આવી છે. આથી એપલ હવે પાંચ ફેક્ટરીમાં નવા આઈફોનનું ઉત્પાદન કરી રહ્યું છે. એપલ હવે તેના ઉત્પાદનની ક્ષમતા વધારવા માટે પાર્ટનરશિપ પર પણ ધ્યાન આપી રહ્યું છે. ફોક્સકોનની ફેક્ટરી બેંગલોરમાં છે અને ટાટા ગ્રુપની ફેક્ટરી તમિલનાડુના હોસુરમાં

## અમેરિકામાં ફોન નહીં બનાવે તો તેમની પ્રોડક્ટ પર ટેરિફ લગાવવામાં આવશે, જોકે એ છતાં એપલે ભારતમાં ઉત્પાદન શરૂ કરી દીધું છે

આવેલી છે. ટાટા ગ્રૂપના પ્લાન્ટમાં જેટલા પણ આઈફોનનું ઉત્પાદન થાય છે એ તમામને ભારતમાં રાખવામાં આવશે. ભારતની જરૂરિયાતના અડધા આઈફોન આ ફેક્ટરીમાંથી એપલને મળી જશે. આથી એપલ તેની સપ્લાય ચેન માટે ભારતના મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પાર્ટનરશિપ કરી રહી છે.

એપલે જ્યારથી ચીનથી આઈફોન એક્સપોર્ટ કરવાનું ઓછું કર્યું છે ત્યારથી ભારતમાં એક્સપોર્ટ વધી ગયું છે. ૨૦૨૪-૨૫માં આઈફોનના એક્સપોર્ટમાં ખૂબ જ વધારો થયો છે. આગામી થોડા વર્ષમાં એનાથી પણ વધુ વધારો થવાની આશા છે. એપ્રિલથી લઈને અત્યાર સુધીમાં ૭.૫ બિલિયન ડોલરના આઈફોન અત્યાર સુધીમાં ભારતમાંથી એક્સપોર્ટ થયા છે. ગયા વર્ષે નાણાકીય વર્ષમાં ટોટલ ૧૭ બિલિયન ડોલરના આઈફોન એક્સપોર્ટ થયા હતા. એની સામે ફક્ત ચાર મહિનામાં ૭.૫ બિલિયનના આઈફોન એ ખૂબ જ વધુ કહેવાય છે.

એપલ દ્વારા અમેરિકામાં ૧૦૦ બિલિયન અમેરિકન ડોલરનો પ્લાન્ટ શરૂ કરવાની તૈયારી દેખાડવામાં આવી છે. ટ્રમ્પ દ્વારા આઈફોન પર ટેરિફ લગાડવાની વાત કરવામાં આવી હતી. આથી આગામી ચાર વર્ષમાં એપલ અમેરિકામાં પણ ઉત્પાદન શરૂ કરશે. આ નિર્ણય લેવાનું કારણ એ છે કે ભારતમાં બનતા આઈફોન પર અમેરિકા ટેરિફ ન લગાડે. જો એ લગાડવામાં આવે તો આઈફોનની કિંમત ખૂબ જ વધી જશે.

# ટ્રમ્પનું નવું ગતકડુંઃ મેક્સિકોથી ઘૂસણખોરી રોકવા દીવાલને કાળા રંગથી રંગવાનો આદેશ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

દર બીજે-ત્રીજે દિવસે કશુંક નવું ગતકડું ન કરે તો ડોનાલ્ડ ટ્રમ્પ શાના? તાજેતરમાં તેમણે અમેરિકા-મેક્સિકો સરહદે બનાવાયેલી સંરક્ષણ દીવાલને કાળા રંગે રંગવાનો આદેશ આપ્યો છે. તેમનું માનવું છે કે, કાળો રંગ સૂર્યની ગરમીને વધુ માત્રામાં સંગ્રહ કરતો હોવાથી કાળી દીવાલ વધુ ગરમ થશે અને ઘૂસણખોરો એના પર ચઢીને સરહદ ઓળંગી નહીં શકે.

અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમે ૧૯ ઓગસ્ટના રોજ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'આ પગલું 'ટ્રમ્પની ઈચ્છા' મુજબ લેવામાં આવી રહ્યું છે. કાળો રંગ દીવાલને ગરમ બનાવીને તેના ઉપર ચઢવાનું મુશ્કેલ બનાવશે.' જો કે, નિષ્ણાતોની દલીલ છે કે આ માત્ર ભૌતિક અવરોધ નથી, પરંતુ માનસિક દમન પણ છે. આ એક પ્રતીકાત્મક સંદેશ છે કે, 'અમેરિકા હવે વધુ કડક બન્યું છે.' દીવાલને કાળા રંગે રંગવાનો વિચાર સરહદ પાર કરવા ઈચ્છતા લોકોને એવો સંદેશ આપવા માટે છે કે હવે અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરવો અશક્ય છે.

ટ્રમ્પ તંત્ર આ યુક્તિ અસરકારક સાબિત થશે એમ કહી રહ્યું છે, પરંતુ નિષ્ણાતોનો પ્રશ્ન છે કે માત્ર દીવાલને કાળો રંગ કરવાથી ગેરકાયદે ઈમિગ્રેશન અટકી જશે? સરહદ પાર કરવાના બીજા પણ ઘણાં માર્ગો છે. જેમ કે, ટનલ, વાહન મારફતે પ્રવેશ, અથવા કાયદાકીય છીડાંનો ઉપયોગ. તેથી નિષ્ણાતો કહે છે કે, દીવાલનો કાળો રંગ માત્ર મર્યાદિત રીતે અસરકારક બનશે.

ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં સરહદે દીવાલ બનાવવી એ ટ્રમ્પનો મુખ્ય એજન્ડા હતો. બીજા કાર્યકાળમાં તેઓ ઘૂસણખોરોની ધરપકડ અને દેશનિકાલ પર ભાર મૂકી રહ્યા છે. તેઓ તેમની આકરી ઈમિગ્રેશન નીતિ જાળવીને અમેરિકનોને એવો સંદેશ આપવા માગે છે કે, જુઓ હું ચૂંટણીપ્રચાર દરમિયાન આપેલા વચનો નિભાવી રહ્યો છું. જો કે, નિષ્ણાતો કહે છે કે વર્ષ ૨૦૨૬ માં અમેરિકામાં 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ'ની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે તેથી ટ્રમ્પ તેમની ઈમિગ્રેશન નીતિ વિષયક કડકાઈનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવા ઈચ્છે છે.ટ્રમ્પના વિરોધીઓની દલીલ છે કે, આવા પગલાં માનવતાવાદી મૂલ્યોને નુકસાન પહોંચાડે છે. ગરમ દીવાલ પર ચઢતી વખતે ઈમિગ્રન્ટ્સ ગંભીર રીતે ઘાયલ થઈ શકે છે, જેને માનવ અધિકારનું ઉલ્લંઘન ગણાશે. આ કારણસર આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાની 'લિબરલ' અને 'માનવ અધિકારના રક્ષક' તરીકેની છબીને નુકસાન પહોંચશે. મેક્સિકો સાથેના દ્વિપક્ષીય સંબંધોમાં પણ તણાવ વધી શકે છે. અમેરિકન રાજનીતિના નિષ્ણાતોનું કહેવું છે કે, ટ્રમ્પે ઈમિગ્રેશન નીતિ બાબતે આટલું કડક વલણ અપનાવવાને બદલે દેશના આર્થિક અને રાજકીય સુધારા બાબતે મહેનત કરવી જોઈએ. અમેરિકન જનતામાં આ મુદ્દે વિભાજન જોવા મળે છે. ટ્રમ્પના સમર્થકો માને છે કે કડક નીતિ જ ઘૂસણખોરી રોકવાનો એકમાત્ર રસ્તો છે. જ્યારે પ્રગતિશીલ વર્ગ માને છે કે અમેરિકાની ઓળખ હંમેશાં 'ઈમિગ્રન્ટ્સના દેશ' તરીકેની રહી છે, અને ટ્રમ્પની કડક નીતિ એ મૂલ્યોને નષ્ટ કરે છે. એક સર્વે મુજબ રિપબ્લિકન મતદારોમાં ૭૫% લોકો આ નિર્ણયનું સમર્થન કરે છે, જ્યારે ડેમોક્રેટિક સમર્થનમાં આ આંકડો ૨૦%થી પણ ઓછો છે.અમેરિકન રાજકારણમાં સરહદ સુરક્ષા હંમેશથી વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. ૧૯૯૦ના દાયકામાં બિલ ક્લિન્ટનના સમયમાં 'ઓપરેશન ગેટકીપર' દ્વારા સરહદી સુરક્ષા પર ભાર મૂકાયો હતો. જ્યોર્જ ડબલ્યુ. બૂશના કાર્યકાળમાં ૯/૧૧ બાદ રાષ્ટ્રીય સુરક્ષાના નામે સરહદો પર નિયંત્રણ કડક બન્યું હતું. પરંતુ ટ્રમ્પે તો દીવાલને પોતાની રાજકીય ઓળખ જ બનાવી છે. તેમની ચૂંટણી સભાઓમાં 'બિલ્ડ ધ વૉલ' એ સૌથી લોકપ્રિય નારો હતો. હવે, દીવાલને કાળો રંગ કરાવવાની જાહેરાત એ જ રાજકીય વારસાને ફરી જીવંત કરવાનો પ્રયાસ ગણાવાઈ રહ્યો છે.

### બસ સળગી જતાં ૧૭ બાળક સહિત ૭૧ લોકોના મોત

# અફઘાનિસ્તાનના પશ્ચિમ પ્રાંત હેરાતમાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો

## આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે એક બસ, ટ્રક અને બાઈક સાથે ટક્કર બાદ અગનગોળો બની ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) અફઘાનિસ્તાન

અફઘાનિસ્તાનના પશ્ચિમ પ્રાંત હેરાતમાં બુધવારે એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ઓછામાં ઓછા ૭૧ લોકોએ જીવ ગુમાવ્યા. તેમાં ૧૭ તો નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા. આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે એક બસ, ટ્રક અને બાઈક સાથે ટક્કર બાદ અગનગોળો બની ગઈ હતી. આ મામલે પ્રાદેશિક સરકારના પ્રવક્તા અહેમદુલ્લાહ મુત્તાકીએ ઘટનાની પુષ્ટી કરતાં કહ્યું કે વર્તમાન સમયનો આ સૌથી ભીષણ અકસ્માત હતો. હેરાતમાં બસ, ટ્રક અને બાઈક વચ્ચે આ ટક્કર થઈ હતી. સોશિયલ મીડિયા પર આ અકસ્માતનો એક વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે અને આજુબાજુ ગભરાયેલા લોકોની ભીડ પણ દેખાઈ રહી છે. અન્ય એક પ્રાદેશિક અધિકારી મોહમ્મદ યુસુફ સઈદીએ જણાવ્યું કે આ બસમાં ઈરાનમાંથી કાઢી મૂકાયેલા અફઘાની નાગરિકો સવાર હતા જે ઈસ્લામ કલા બોર્ડર ક્રોસ કરી કાબુલ તરફ જઈ રહ્યા હતા. જોકે અકસ્માતનું કારણ જણાવતા મુત્તાકીએ કહ્યું કે આ દુર્ઘટના હેરાત શહેરના બાહ્ય વિસ્તાર ગુજારા જિલ્લામાં બસની વધારે પડતી સ્પીડ અને અને બેદરકારીને કારણે થયું હતું. બસ પહેલા બાઈક સાથે અને પછી ઈંધણ ભરેલા ટ્રક સાથે ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ જ લોકોનો જીવ બચ્યો હતો. જોકે ટ્રક અને બાઈકચાલક ચાર લોકો પણ મૃતકોમાં સામેલ છે.

# કેન્દ્ર સરકારે સંસદમાં ૩ બિલ રજૂ કર્યા, વિપક્ષનો જોરદાર હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રીએ લોકસભામાં આ બિલ રજૂ કર્યું હતું.જેમાં કોઈપણ ગુના હેઠળ વડાપ્રધાનથી માંડી કોઈપણ મંત્રીને પાંચ વર્ષ કે તેથી વધુ સમયની જેલની સજા હેઠળના ગુના માટે સળંગ ૩૦ દિવસ સુધી ધરપકડ કે અટકાયત કરવામાં આવે તો તેમને પદ પરથી દૂર કરવામાં આવશે. આ બિલનો વિપક્ષ દ્વારા જોરદાર વિરોધ નોંધાવતાં લોકસભાની કાર્યવાહી ત્રણ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. AIMIMના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ આ બિલનો વિરોધ કરતાં કહ્યું છે કે, આ સત્તાના પૃથક્કરણનું ઉલ્લંઘન કરે છે. કાર્યકારી એજન્સીઓએ જજ, જ્યુરી અને જલ્લાદની ભૂમિકા નિભાવવાનો અધિકાર આપે છે. આ બિલ બિન-ચૂંટાયેલા લોકોને જલ્લાદની ભૂમિકા ભજવવાની સત્તા આપશે. આ બિલની અનુચ્છેદનો ઉપયોગ સરકારને અસ્થિર કરવામાં થશે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ પણ આ બિલનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, કાલે, તમે કોઈપણ મુખ્યમંત્રી વિરૂદ્ધ કોઈપણ કેસ નોંધી શકો છો. તેને સાબિત કર્યા વિના ૩૦ દિવસ સુધી જેલમાં રાખશો... અને સત્તા છીનવી લેશો. આ બિલ સંપૂર્ણપણે બંધારણ વિરોધી છે.કેન્દ્ર સરકારે આજે લોકસભામાં કુલ ત્રણ બિલ રજૂ કર્યા છે. જેમાં બંધારણ (૧૩૦મો સુધારો) બિલ, જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન (સુધારો) બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર (સુધારો) બિલ. આ ત્રણેય બિલ સંપૂર્ણપણે એક નવું કાયદાકીય માળખું રજૂ કરે છે.

### બાંગ્લાદેશ સરકારે કરેલી 'હેલિકોપ્ટર ડીલ'

# રશિયામાંથી ખરીદવામાં આવેલા બે હેલિકોપ્ટર બાંગ્લાદેશ સરકાર માટે મુસીબત બન્યા

## હવે અમેરિકાના પ્રતિબંધના કારણે હેલિકોપ્ટર બાંગ્લાદેશમાં લાવવાનું મુશ્કેલ થઈ ગયુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બાંગ્લાદેશ

રશિયામાંથી ખરીદવામાં આવેલા બે હેલિકોપ્ટર બાંગ્લાદેશ સરકાર માટે મુસીબત બન્યા છે.

શેખ હસીના જ્યારે સત્તા પર હતા ત્યારે તેઓએ રશિયા સાથે સૌદો કર્યો હતો અને ચુકવણી પણ કરી હતી. પરંતુ હવે અમેરિકાના પ્રતિબંધના કારણે હેલિકોપ્ટર બાંગ્લાદેશમાં લાવવાનું મુશ્કેલ થઈ ગયુ છે. બાંગ્લાદેશમાં રોજ નવા નવા સંકટ જોવા મળે છે. ત્યારે હવે ફરી એક મુશ્કેલીએ દસ્તક આપી છે. ભૂતપૂર્વ પીએમ શેખ હસીનાની પાર્ટી આવામી લીગે ૩ વર્ષ પહેલા હેલિકોપ્ટર ડીલ કરી હતી. રશિયા પાસેથી ખરીદવામાં આવેલા આ બે હેલિકોપ્ટર હવે સંકટ ઉભુ કરી રહ્યા છે. લગભગ Tk 4 અરબની આ ડીલમાં Tk ૨.૯૮ અરબ અગાઉ ચુકવવામાં આવ્યા હતા.

પરંતુ અમેરિકાએ લગાવેલા પ્રતિબંધોના કારણે આ હેલિકોપ્ટર બાંગ્લાદેશમાં લાવવાનું અસંભવ બન્યુ છે. એક તરફ કરાર રદ કરવા પર મોટુ આર્થિક નુકસાન થઈ શકે છે. તો બીજી તરફ, હેલિકોપ્ટર આયાત કરવા પર અમેરિકાના રાજનાયિક સાથે તણાવ વધી શકે છે. એપ્રિલ ૨૦૨૧માં અમેરિકાએ કેટલીક રશિયા રક્ષા કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યા હતા. જેમાં **Russian Helicopters** પણ સામેલ છે. આ સિવાય બાંગ્લાદેશે એજ વર્ષે નવેમ્બરમાં આ કરાર સાઈન કર્યો હતો. અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, સરકારને પ્રતિબંધ વિશે ખબર હોવા છતા કેમ તેઓએ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.?. આ હેલિકોપ્ટરો હમણા રશિયા પાસે છે. અને સાચવણીનો ખર્ચ પણ સતત વધી રહ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યુ છે કે, જો બાંગ્લાદેશ હેલિકોપ્ટર લાવવા માટે પ્રયત્ન કરશે તો તેની નકારાત્મક અસર અમેરિકા-બાંગ્લાદેશના સંબંધો પર પડશે. અમેરિકા સાથે ટક્કર લેવી એ બાંગ્લાદેશ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

# દિલ્હીમાં ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી, ત્રણ શ્રમિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

રાજધાની દિલ્હીના દરિયાગંજ વિસ્તારમાં સદ્ભાવના પાર્કમાં એક ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ છે, જેમાં ત્રણ શ્રમિકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે. દિલ્હી ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ, બુધવારે (૨૦ ઓગસ્ટ) બપોરે બિલ્ડિંગ ધરાશાયી થઈ હોવાની માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી જઈને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન કાટમાળ નીચેથી ત્રણ ઈજાગ્રસ્તોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે ત્રણ શ્રમિકોના મોત થયા છે. દિલ્હી પોલીસે કહ્યું કે, બુધવારે સદભાવના પાર્કમાં એક બિલ્ડિંગ ધરાશાયી થવાના કારણે ત્રણ લોકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરીને ત્રણ લોકોને બચાવી લીધા છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ પણ ઘટાને ધ્યાને લીધી છે.

પોલીસે કહ્યું કે, હાલ બચાવ કામગીરી ચાલી રહી છે, હકીકત સામે આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

ડીએફએસ અધિકારીએ કહ્યું કે, કાટમાળ નીચેથી ત્રણ લોકોને બહાર કાઢ્યા બાદ તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, અંતિમ રિપોર્ટ સુધી બચાવ કામગીરી ચાલુ રખાશે. બિલ્ડિંગ કયા કારણોસર ધરાશાયી થઈ, તે હજુ જાણવા મળ્યું નથી. આ પહેલા ૧૨ જુલાઈના રોજ દિલ્હીના વેલકમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાર માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ હતી, જેમાં બે લોકોના મોત અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.



# તંત્રી લેખ......

## છૂટક મોંઘવારીમાં ઘટાડો

અમેરિકાના ટેરિફના ઓછાયા તળે ચિંતિત ભારતીય અર્થતંત્ર માટે આનંદ પમાડે તેવા મોંઘવારીમાં ઘટાડાના આંકડા સામે આવ્યા છે. રાષ્ટ્રીય આંકડાકીય વિભાગે જાહેર કરેલી વિગતો મુજબ જુલાઈ મહિનામાં છૂટક મોંઘવારીનો દર ઘટીને ૧.૫૫ ટકા રહી ગયો છે. છૂટક મોંઘવારીના આ ઘટતા જતા દર સમાન્ય નાગરિકો અને અર્થશાત્રીઓ માટે મોટી રાહત સમાન છે. મોંઘવારીમાં ઘટાડાએ સામાન્ય નાગરિકોની ખરીદશક્તિમાં વધારો થાય એવા આશાસ્પદ સંજોગો સર્જાયા છે. સરવાળે અર્થતંત્રને નવું બળ મળી શકે છે. છેલ્લા લાંબા સમયથી ભારતીય રિઝર્વ બેંક(આરબીઆઈ) આર્થિક નીતિઓમાં સતત ફેરફારો કરીને મોંઘવારીને કાબુમાં લેવા મથતી રહી છે. હવે આ પ્રયાસો સફળ થઈ રહ્યા છે. છેલ્લે સૌથી ઓછો મોંઘવારીનો દર જૂન ૨૦૧૭માં ૧.૪૬ ટકા નોંધાયો હતો. તેના આઠ વર્ષના સમયગાળામાં હાલે આ દર સૌથી ઓછો રહ્યો છે. આ હકારાત્મક માહોલને જાળવી રાખવા માટે સરકાર અને આરબીઆઈએ તમામ પાસાં પર સતત ચાંપતી નજર રાખવી પડશે. ગુજરાત જેવા અમુક રાજ્યોમાં ચોમાસાં પર અસર પડી છે, પણ ઉત્તરના રાજ્યોમાં સારાં વરસાદને લીધે કૃષિ પેદાશોની ઉપજ સારી રહે એવી આશાભરી સ્થિતિ છે, પણ છૂટક મોંઘવારી પર હજી ખાદ્ય તેલોના ઊંચા ભાવોનો બોજો વર્તાઈ રહ્યો છે.

તેલોના સતત વધતા ભાવોના સંદર્ભમાં કોઈ નક્કર પગલાં લેવાય તો મોંઘવારીનો દર હજી નીચો જઈ શકે તેમ છે. ભારત જેવાં અર્થતંત્રના વિકાસમાં સંખ્યાબંધ બાબતો ચાવીરૂપ ભૂમિકા ભજવતી રહી છે. આમાં મોંઘવારીનો દર ભારે મહત્ત્વ ધરાવે છે. મોંઘવારીનો ઊંચો દર ફુગાવાનો પર્યાય હોય છે અને તેને લીધે અર્થતંત્રનો વિકાસ રૂંધાતો હોય છે. ખરેખર તો હજી ફુગાવાનો ઘટાડો બજારોમાં નરી આંખે અનુભવાય તો જ લોકોને વિશ્વાસ બેસે કે ખાદ્ય પદાર્થો અને રોજબરોજના ઉપયોગની વસ્તુઓના ભાવ વાસ્તવમાં ઘટયા છે. એવી આશા રખાઈ રહી છે કે, છૂટક મોંઘવારીમાં હળવાશને ધ્યાનમાં લઈને આરબીઆઈ તેની આર્થિક સમીક્ષાના હવે પછીના દોરમાં રેપોદરને યથાવત્ રાખવાનું પગલું લઈ શકે તેમ છે, પણ આ બધી આશા ફળીભૂત થાય તે માટે મોંઘવારીનો દર કાબૂમાં રહે એવું ચિત્ર સામે આવે. જો કે, ચિંતાની બાબત એ છે કે, અમેરિકાના ટેરિફના પડકારની અસર ભારતીય અર્થતંત્ર પર પડી શકે તેમ છે. આ અસર ગંભીર હશે તો મોંઘવારીનો દર ફરી વધી શકે એવી આશંકા પણ વ્યક્ત થઈ રહી છે. સાથોસાથ અર્થતંત્રના વિકાસના લક્ષ્ય માટે મુશ્કેલી ઊભી થઈ શકે તેમ છે. હાલમાં છૂટક મોંઘવારી ઘટવાને લીધે બજારમાં ખરીદી વધે અને અર્થતંત્રને અમેરિકાના ટેરિફના પડકારનો સામનો કરવામાં શક્તિ મળી શકશે.



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ મુખ્ય મંત્રી સલામતી સ્ટાફ પરિવાર દ્વારા પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે ગાંધીનગરમાં આયોજીત સત્ય નારાયણ કથા – મહાપૂજામાં શ્રધ્ધા ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ કે દાસ, સચિવશ્રી ડો. વિક્રાંત પાંડે અને મુખ્ય મંત્રીશ્રીના સલામતી પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા, નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ અને મુખ્યમંત્રીશ્રીના સુરક્ષા અધિકારીઓ તેમજ કમાન્ડોઝ પણ આ કથા શ્રવણ અને પૂજા આરતીમાં જોડાયા હતા.

## ‘‘ભીમનાથ મહાદેવ ધાર્મિક મેળા’’ માટે ભીમનાથ રેલવે સ્ટેશન પર ત્રણ ટ્રેનોની ખાસ સુવિધા

પશ્ચિમ રેલવે દ્વારા ‘‘ભીમનાથ મહાદેવ ધાર્મિક મેળા’’ દરમ્યાન ભાવનગર મંડળ હેઠળ આવતા ભીમનાથ રેલવે સ્ટેશન પર ૨૩.૦૮.૨૦૨૫ (શનિવાર) એ ત્રણ ટ્રેનોની ખાસ સુવિધા આપવાનો નિર્ણય લેવાયો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર આ ટ્રેનોની વિગત આ મુજબ છે:

૧. ટ્રેન નંબર ૨૦૯૬૫/૨૦૯૬૬ ભાવનગર-સાબરમતી-ભાવનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ તા. ૨૩.૦૮.૨૦૨૫ (શનિવાર) એ ભીમનાથ સ્ટેશન પર ૨ મિનિટ માટે રોકાશે (માત્ર એક દિવસ).

૨. ટ્રેન નંબર ૫૯૫૫૩/૫૯૫૫૪ ગાંધીગ્રામ-બોટાદ-ગાંધીગ્રામ મેમુ તા. ૨૩.૦૮.૨૦૨૫ (શનિવાર) એ ભીમનાથ સ્ટેશન પર ૧ મિનિટની જગ્યાએ ૨ મિનિટ રોકાશે (માત્ર એક દિવસ).

૩. ટ્રેન નંબર ૫૯૫૫૫/૫૯૫૫૬ ગાંધીગ્રામ-બોટાદ-ગાંધીગ્રામ મેમુ તા. ૨૩.૦૮.૨૦૨૫ (શનિવાર) એ ભીમનાથ સ્ટેશન પર ૧ મિનિટની જગ્યાએ ૨ મિનિટ રોકાશે (માત્ર એક દિવસ).

## પશ્ચિમ રેલ્વે વિશ્વામિત્રી થી રત્નાગિરી માટે ગણપતિ સ્પેશલ ટ્રેનો ચલાવશે

ગણપતિ ઉત્સવ ૨૦૨૫ દરમિયાન મુસાફરોની સુવિધા અને વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદેશ્ય થી પશ્ચિમ રેલવે દ્વારા વિશ્વામિત્રી-રત્નાગિરી- વિશ્વામિત્રી સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશલ ટ્રેનો ચલાવશે.

આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન નં. ૦૯૧૨૦/૦૯૧૧૯ વિશ્વામિત્રી – રત્નાગિરી- વિશ્વામિત્રી (સાપ્તાહિક) સ્પેશલ ચ૦૬ ફેરા]

ટ્રેન નંબર ૦૯૧૨૦ વિશ્વામિત્રી - રત્નાગિરી સ્પેશલ સોમવારે વિશ્વામિત્રી થી ૦૮:૦૦ વાગ્યે ઉપડશે અને એ જ દિવસે ૨૦:૦૦ વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન ૨૫ ઓગસ્ટ અને ૦૧ અને ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૧૯ રત્નાગિરી - વિશ્વામિત્રી સ્પેશલ સોમવારે રત્નાગિરીથી ૨૧:૦૦ વાગ્યે ઉપડશે અને તે બીજા દિવસે ૧૧:૪૫ વાગ્યે વિશ્વામિત્રી પહોંચશે. આ ટ્રેન ૨૫ ઓગસ્ટ અને ૦૧ અને ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓ માં ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાનુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, કરંજાડી, ખેડ, ચિપલુન, અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૧૨૦ નું બુકિંગ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ચાલુ છે, ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www. enquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### ઓઈલ પામના વાવેતરથી ખૂલ્યા ખેડૂતોની પ્રગતિના દ્વાર

# વાર્ષિક ૧,૦૦૦ મેટ્રિક ટનથી વધુ પામ ઓઈલના ઉત્પાદન સાથે નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ-ઓઈલ પામના અમલીકરણમાં ગુજરાત અગ્રણી

## ગુજરાતના ૧૫૦ ખેડૂતોએ ઓઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ લણી: કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

ભારતમાં ખાદ્ય તેલની માંગ દિન-પ્રતિદિન સતત વધી રહી છે. આ માંગને પહોંચી વળવા માટે ભારતે અન્ય દેશો પાસેથી મોટા પ્રમાણમાં ખાદ્ય તેલની આયાત કરવી પડે છે, જેનાથી વિદેશી હૂંડિયામણનો મોટો ખર્ચ થાય છે. ખાદ્ય તેલનું સ્થાનિક ઉત્પાદન વધારીને આ પડકારનો સામનો કરવા અને ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવાના શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રવ્યાપી "નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ-ઓઈલ પામ" (NMEO-OP) અમલમાં મૂક્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત આ મિશનમાં એક અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે.

**ગુજરાતની ધરતી પર સોનેરી પામની ક્રાંતિ**

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, સોનેરી પામ તરીકે ઓળખાતું ઓઈલ પામ, દેશમાં ઉત્પાદિત થતા અન્ય તેલીબીયા પાકોની સરખામણીએ પ્રતિ હેક્ટર સૌથી વધુ તેલનું ઉત્પાદન આપે છે. તેથી જ, ઓઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા માટે NMEO-OP હેઠળ ગુજરાતના ૧૮ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના ખેડૂતોએ છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજીત ૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ લણી છે. જેના પરિણામે ગુજરાત વાર્ષિક ૧,૦૦૦ મેટ્રિક ટનથી વધુ પામ ઓઈલના ઉત્પાદન સાથે દેશમાં સાતમા ક્રમે પહોંચ્યું છે.

રાજ્યમાં પ્રતિવર્ષ ઓઈલ પામનું વાવેતર સતત વધી રહ્યું છે. ચાલુ વર્ષે જ લગભગ ૨૩૫ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર થયું છે અને આ વર્ષના અંત સુધીમાં કુલ ૧,૦૦૦ હેક્ટર વિસ્તારમાં નવું વાવેતર થવાનો અંદાજ છે.

**NMEO-OP મિશન ખેડૂતોના સપનાનો સહારો બની**

ઓઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા ગુજરાતમાં NMEO-OPના વિવિધ ઘટકો હેઠળ વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં રાજ્યના ખેડૂતોને કુલ રૂ. ૧૨૨ લાખથી વધુની સહાય આપવામાં આવી છે. જેમાં પ્લાન્ટિંગ મટેરિયલ (રોપા) માટે રૂ. ૧૮.૫ લાખથી વધુ, ચાર વર્ષના મેઈન્ટેનન્સ માટે રૂ. ૨૩.૭ લાખથી વધુ, આંતરપાક માટે રૂ. ૧૭.૮ લાખથી વધુ, બોરવેલ અથવા પંપ સેટ માટે રૂ. ૧૧.૨ લાખથી વધુ તેમજ લણણીના સાધનો અને મિની ટ્રેક્ટરની ખરીદી માટે રૂ. ૫૧ લાખથી વધુની સહાય આપવામાં આવી છે.

પાકનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને માન્યતા પ્રાપ્ત કંપનીઓના ઉચ્ચ ગુણવત્તાવાળા ટેનેરા જાતના પામ ઓઈલના રોપા પૂરા પાડવામાં આવે છે. બાગાયત પ્રભાગ અને ખાનગી કંપનીઓના સહયોગથી ખેડૂતોને ઓઈલ પામની વૈજ્ઞાનિક ખેત પદ્ધતિઓ, રોગ-જીવાત નિયંત્રણ અને લણણી અંગે તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વધુમાં, મેગા ઓઈલ પામ પ્લાન્ટેશન ડ્રાઈવનું આયોજન કરીને ખેડૂતોને મોટા પાયે ઓઈલ પામની ખેતી કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઓઈલ પામના FFB (ફ્રેશ ફ્રુટ બન્ચીસ)ની ખરીદી ઓઈલ પામ સાથે સંકળાયેલી કંપની દ્વારા બાય-બેક કરવામાં આવે છે અને તેના પોષણક્ષમ ભાવ આંતરરાષ્ટ્રીય બજાર ભાવ મુજબ ચૂકવવામાં આવે છે.

**ઓઈલ પામના મહત્વપૂર્ણ ઉપયોગ**

ઓઈલ પામના ફળમાંથી કાઢવામાં આવતું પામ ઓઈલ વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ખાદ્ય તેલ છે. પામ ઓઈલની શેલ્ફ લાઈફ વધુ અને ભાવ ઓછો હોવાથી પ્રોસેસ્ડ ફૂડમાં તેમજ દેશના અનેક ઘરોમાં ખાદ્ય તેલ તરીકે તેનો ઉપયોગ વધુ થાય છે. આ ઉપરાંત, પામ ઓઈલ અને તેના ડેરિવેટિવ્સનો ઉપયોગ બાયોફ્યુઅલ ઉદ્યોગમાં, દવાઓ બનાવવામાં, તેમજ ઓલિઓકેમિકલ્સ, સાબુ અને શેમ્પૂ સહિતના વિવિધ સૌંદર્ય પ્રસાધનોના ઉત્પાદનમાં પણ મોટા પાયે થાય છે.

ઓઈલ પામના વૃક્ષો એકવાર વાવ્યા પછી લગભગ ૩૦ વર્ષ સુધી ફળ આપે છે, જેથી ખેડૂતોને લાંબા ગાળા સુધી નિયમિત આવક મળતી રહે છે. પરિણામે, પામ ઓઈલની ખેતી કરીને ગુજરાતના કેટલાક પ્રગતિશીલ ખેડૂતોની આવકમાં વધારો થયો છે અને તેઓ આર્થિક રીતે વધુ સક્ષમ બન્યા છે. ગુજરાતના ખેડૂતો આજે ઓઈલ પામની ખેતી કરીને દેશને ખાદ્ય તેલના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાના સ્વપ્નને સાકાર કરી રહ્યા છે. સરકારની આ પહેલ ખેડૂતોના ભવિષ્યને વધુ ઉજ્જ્વળ બનાવશે.

**NMEO-OP હેઠળ ખેડૂતોને મળતી સહાય:**





★ સ્વદેશી રોપાઓ માટે રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટર અને આયાત કરેલા રોપાઓ માટે રૂ. ૨૯,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવે છે.

★ વાવેતર બાદ ઓઈલ પામ પાકની માવજત અને આંતરપાક માટે ખેડૂતોને ૪ વર્ષ સુધી રૂ. ૪૨,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવે છે.

★ બોરવેલ અથવા પંપ સેટ માટે ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂ. ૫૦,૦૦૦ પ્રતિ એકમ સહાય આપવામાં આવે છે.

★ લણણી અને ખેતીના સાધનોમાં હાથથી ચાલતા ઓઈલ પામ કટર માટે રૂ. ૨,૫૦૦, પ્રોટેક્ટીવ વાયર મેશ માટે રૂ. ૨૦,૦૦૦, મોટોરાઈઝડ ચીઝલ માટે રૂ. ૧૫,૦૦૦, પોર્ટેબલ લેડર અને પોલ્સ માટે રૂ. ૫,૦૦૦ અને ચાફ કટર માટે રૂ. ૫૦,૦૦૦ સહાય આપવામાં આવે છે.

★ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી અને ૦.૫૦ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર ધરાવતા ખેડૂતોને ૨૦ હોર્સપાવર સુધીના મિની ટ્રેક્ટર અને ટ્રોલી માટે ખર્ચના ૪૦ ટકા અથવા વધુમાં વધુ રૂ. ૨,૦૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.

- નિતિન રથવી

### ગાંધીનગરમાં સહકાર સે સમૃદ્ધિ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સહકારી અગ્રણીઓનો એક દિવસીય વર્કશોપ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સહકારી ક્ષેત્રનું શ્રેષ્ઠ મોડલ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીને કો-ઓપરેટીવ સેક્ટરમાં ‘સહકાર સે સમૃદ્ધિ’થી દેશને અગ્રેસર રાખશે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સહકારી ક્ષેત્રનું શ્રેષ્ઠ મોડલ દુનિયા સમક્ષ પ્રસ્તુત કરીને આવનારા ભવિષ્યમાં કો-ઓપરેટિવ સેક્ટરમાં પણ દેશને અગ્રેસર રાખશે.



૨૦૨૫નું વર્ષ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ‘‘કો-ઓપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડ’’ની થીમ સાથે ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણી સંદર્ભમાં ‘સહકારથી સમૃદ્ધિ’ અંતર્ગત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ, ખેતી બેંક અને ગુજકોમાસોલ સહિતની સહકારી સંસ્થાઓના અગ્રણીઓનો એક દિવસીય વર્કશોપ ગાંધીનગરમાં યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્કશોપના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા કહ્યું કે, સ્વતંત્રતા પહેલાં ગુજરાતના બે સપૂત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આગેવાનીમાં અસહકારની લડતમાં અગ્રેસર ગુજરાત આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર સે સમૃદ્ધિથી વોકલ ફોર લોકલના વિઝનને પાર પાડવામાં અગ્રેસર છે.

તેમણે જણાવ્યું કે, છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવા અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે. ખાસ કરીને પ્રાથમિક સહકારી મંડળીઓ આ માટેનું અને સ્વદેશીથી આત્મનિર્ભરતાનું યોગ્ય પ્લેટફોર્મ છે એમ મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતને ૧૪૦ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ અને જન આંદોલન બનાવ્યું છે. આત્મનિર્ભરતા માટે આપણે સહકારી મંડળીઓ, સ્વ સહાય જૂથોની મંડળીઓ દ્વારા બનાવાયેલી ચીજ વસ્તુઓ ખરીદીને આત્મનિર્ભર ભારત સાથે વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલને વેગ આપી શકીએ.

મુખ્યમંત્રીશ્રીએ પેક્સમાં સ્થાનિક કોર્પોરેટ કંપની બનવાની સંભાવનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ સાથે મળીને તેને સાકાર કરી શકે તેમ છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં દેશમાં આઝાદીના દશકો પછી અલાયદૂ સહકાર મંત્રાલય રચવામાં આવ્યું છે.

એટલું જ નહીં, છેવાડાના માનવીના વિકાસ માટેની વડાપ્રધાનશ્રીની વિચારધારાને અનુરૂપ નવી સહકાર નીતિ ૨૦૨૫ પણ દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં જાહેર કરી છે.

આ નીતિની વિશેષતાઓ પ્રસ્તુત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દરેક નાગરિકને સહકારી આંદોલન સાથે વધુમાં વધુ જોડવા સાથો સાથ ૨૦૩૪ સુધીમાં જી.ડી.પી.માં સહકાર ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય સહકાર નીતિમાં રાખવામાં આવ્યું છે. સહકારી સંસ્થાઓની સંખ્યા ૩૦ ટકા જેટલી વધારવી અને દરેક ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછી એક સહકારી સોસાયટી બનાવવાનો વિચાર પણ આ નીતિમાં સમાવિષ્ટ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષ સરદાર પટેલની જન્મ જયંતીનું ૧૫૦મું વર્ષ છે અને સરદાર સાહેબે ત્રિભુવનદાસ પટેલના સહયોગથી સહકારિતાનું ફલક વિકસાવ્યું છે તેનું સ્મરણ કરતાં સહકારી ક્ષેત્રે તાલીમબદ્ધ મેનપાવરની ઉપલબ્ધી માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપનાના વડાપ્રધાનશ્રીના દીર્ઘ દ્રષ્ટિ પૂર્ણ અભિગમને બિરદાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત ૨૦૪૭નો જે સંકલ્પ આપ્યો છે તે પહેલાં ગુજરાત માટે તો રાજયની સ્થાપનાના ૭૫ વર્ષનો અવસર ૨૦૩૫માં આવવાનો છે. આ બેય અવસરો ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલનું દિશાદર્શન કરીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણના અવસરો છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ સહકારી ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ માટે લાંબા અને ટૂંકા ગાળાના લક્ષ્યો નિર્ધારિત કરીને સહકાર સે સમૃદ્ધિનો ધ્યેય પાર પાડવા સમગ્ર સહકારી ક્ષેત્રના અગ્રણીઓને આ તકે પ્રેરણા આપી હતી.

કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલ, વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ વન - પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ આ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા.

આઝાદી પહેલાંથી સહકારીતા ભારતનો આત્મા રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી પહેલથી ભારતમાં નવીન સહકારિતા મંત્રાલયના નિર્માણ બાદ પ્રથમ સહકારિતા મંત્રી તરીકે શ્રી અમિતભાઈ શાહની આગેવાનીમાં દેશમાં સહકારિતા ક્ષેત્રે અનેકવિધ નવા પ્રકલ્પો શરૂ થયા છે. હાલમાં પણ મોટાભાગના સહકારી આગેવાનો પોતાના માટે નહીં પણ અન્યના કલ્યાણ માટે તેમજ સહકારી માળખું વધુ મજબૂત બનાવવા સતત સેવારત છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### પેટ્રોલ કારથી ઈલેક્ટ્રિક વાહનો સુધી: ભારતના ઓટોમોટિવ હબ તરીકે ઊભર્યું ગુજરાત

# ભારતની ઓટો ક્રાંતિનું કેન્દ્ર બન્યું ઉત્તર ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ માટે તૈયાર

## નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં રૂા.૨૯,૭૦૦ કરોડનું માતબર રોકાણ નોંધાયું

ભારતમાં ઓટોમોટિવ ક્ષેત્રે ક્રાંતિ આવી છે તેમાં ગુજરાતનો મોટો ફાળો છે. ગુજરાત તેના વ્યૂહાત્મક સ્થાન, મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણને અનુકૂળ નીતિઓને પગલે અન્ય રાજ્યોની સરખામણીમાં ઓટો કંપનીઓની પહેલી પસંદ બન્યું છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો સુઝુકી મોટર્સ ગુજરાતના કારણે આજે આ ક્ષેત્ર ભારતના અગ્રણી ઓટોમોટિવ ઉત્પાદન કેન્દ્રો પૈકીનું એક બન્યું છે. સુઝુકી મોટર્સ ગુજરાતે ૭.૫ લાખ કાર યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાતને વૈશ્વિક ઓટો હબ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ સફળતા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પણ પ્રદર્શિત થશે. નોંધનીય છે કે, આગામી ૯-૧૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણામાં ઉત્તર ગુજરાત માટેની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) યોજાશે.

વર્ષ ૨૦૧૨થી ૨૦૧૫ વચ્ચે ગુજરાતમાં ઓટોમોબાઈલ ક્ષેત્રએ વૈશ્વિક રોકાણકારોને આકર્ષ્યા હતા. ૨૦૧૪માં સુઝુકીએ રાજ્યમાં એક મેગા મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવા માટે MoU પર હસ્તાક્ષર કર્યા અને ગુજરાતનું ઓટો ક્ષેત્ર વેગવંતુ બન્યું. આ કંપનીએ વર્ષોથી ગુજરાતમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે, જેનાથી રોજગારીની પુષ્કળ તકો ઊભી થઈ છે. આજે સુઝુકી મોટરનો ગુજરાત પ્લાન્ટ ભારતમાં ઓટોમોબાઈલ ઉત્પાદન સુવિધાઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. આ પ્લાન્ટે મહેસાણાની આસપાસ ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગમાં મોટા પાયે રોકાણો આકર્ષિત કર્યા છે.

એટલું જ નહીં, સુઝુકી મોટર્સ ગુજરાતે ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન વધારવા માટે ૩૨ અબજ રૂપિયાનું રોકાણ કરીને ચોથી પ્રોડક્શન લાઈનની સ્થાપનાની પણ જાહેરાત કરી છે.

મજબૂત પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે વૈશ્વિક ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે ગુજરાત વ્યૂહાત્મક એક્સપોર્ટ હબ બન્યું છે. ૨૦૨૪માં ગુજરાતે દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, જાપાન, UAE અને ચિલી સહિતના દેશોમાં લગભગ રૂા.૩,૪૫૯ કરોડના ઓટોમોબાઈલની નિકાસ કરી હતી.

આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં રૂા.૨૯,૭૦૦ કરોડનું માતબર રોકાણ નોંધાયું હતું, જે છેલ્લા પાંચ વર્ષમાં ૧૬.૪%ની મજબૂત CAGR દર્શાવે છે. એટલે કે, રોકાણ વાર્ષિક ૧૬.૪%ના દરે વધી રહ્યું છે.

સુઝુકી મોટર કોર્પોરેશને તાજેતરમાં ઈલેક્ટ્રિક વાહનો માટે બેટરી પ્લાન્ટ (રૂા.૭,૩૦૦ કરોડ) અને ઈફ ઉત્પાદન સુવિધા (રૂા.૩,૧૦૦ કરોડ)ની જાહેરાત કરી છે, જે રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર ગુજરાતનું માંડલ બેચરાજી SIR (સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન) એક મુખ્ય ઓટો-ઈન્ડસ્ટ્રિયલ હબ તરીકે ઊભરી આવ્યું છે. ઓટોમોબાઈલ ક્ષેત્રે થયેલી આ પ્રગતિ દર્શાવે છે કે ગુજરાત વૈશ્વિક ઓટોમોટિવ પાવરહાઉસ તરીકે ઊભરી આવ્યું છે અને વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં રોકાણકારો માટે તે ધ્યાનાકર્ષક બાબત હશે.

ગરવી ગુજરાત





એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧,૩૫૪ કરોડનાં કામકાજ સાથે બંને કીમતી ધાતુઓના વાયદાઓમાં પરસ્પર વિરુદ્ધ ચાલ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૬૯૨.૬૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૩૭૮૨.૬૬ કરોડનું ટર્નઓવર: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૯૮૬ પોઈન્ટના સ્તરે: સોનાનો વાયદો રૂ.૨૭૯ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૪૧૫ ઘટ્યો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૪ની વૃદ્ધિ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૧૮૪૭૫.૪૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૬૯૨.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૩૭૮૨.૬૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૯૮૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૬૨.૮૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૩૫૪.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૭૪૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૯૯૧ અને નીચામાં રૂ.૯૮૫૧૬ના મથાળે અથડાઈ, રૂ.૯૮૬૯૬ના આગલા બંધ સામે રૂ.૨૭૯ વધી રૂ.૯૮૯૭૫ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૫ ઘટી રૂ.૭૯૩૫૮ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૯૯૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૬ વધી રૂ.૯૮૫૭૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૫૦૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૭૯૯ અને નીચામાં રૂ.૯૮૩૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૮૬૧૦ના આગલા બંધ સામે રૂ.૧૬૫ વધી રૂ.૯૮૭૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૧૧૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૧૧૦૬ અને નીચામાં રૂ.૧૧૦૨૮૧ના મથાળે અથડાઈ, રૂ.૧૧૧૩૪૫ના આગલા બંધ સામે રૂ.૪૧૫ ઘટી રૂ.૧૧૦૯૩૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૪૭ ઘટી રૂ.૧૧૦૮૮૭ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૩૯૦ ઘટી રૂ.૧૧૦૮૨૪ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૫૦૫.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૩.૦૫ ઘટી રૂ.૮૭૦.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓગસ્ટ વાયદો ૯૦ પૈસા વધી રૂ.૨૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧૦ પૈસા વધી રૂ.૨૪૮.૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૧૭૮.૮૫ થયો હતો. નિકલનો સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૧૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૨૦ અને નીચામાં રૂ.૧૩૧૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩૧૭.૮૦ના આગલા બંધ સામે રૂ.૨.૨૦ વધી રૂ.૧૩૨૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૭૨૪.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૨૮ અને નીચામાં રૂ.૪૧૯૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪ ઘટી રૂ.૪૨૧૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૦૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૭૬ અને નીચામાં રૂ.૫૪૦૩ના મથાળે અથડાઈ, રૂ.૫૪૦૦ના આગલા બંધ સામે રૂ.૬૪ વધી રૂ.૫૪૬૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬૨ વધી રૂ.૫૪૬૬ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૯૦ પૈસા ઘટી રૂ.૨૩૯.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૨૩૯.૮ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૫૯ના ભાવે ખૂલી, ૭૦ પૈસા ઘટી રૂ.૯૪૯.૭ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૪ના ભાવે ખૂલી, રૂ.૮ ઘટી રૂ.૨૬૧૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૮૫૦.૮૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૫૦૩.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૦૭૩.૫૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૦.૯૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯.૯૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૯.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નિકલના વાયદામાં રૂ.૧.૨૫ કરોડનાં ૩૮ લોટના વેપાર થયા હતા.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૬.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૦૪.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૦૨.૮૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૪.૧૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૬૯૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૮૧૦૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૧૧૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૫૧૧૭૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૯૪૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૯૪૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૭૭૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૪૯૪૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૧૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૭૦૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૭૫૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૯૬૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૯૮૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૯૬૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, કોઈ ફેરફાર વગર ૨૨૯૮૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૩ વધી રૂ.૧૭૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૫.૬ થયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧.૫ વધી રૂ.૭૭૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૯ ઘટી રૂ.૮૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૬ ઘટી રૂ.૧.૨ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૮ પૈસા ઘટી રૂ.૦.૨ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪.૨ ઘટી રૂ.૧૬૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૫ પૈસા વધી રૂ.૬.૩ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩.૫ ઘટી રૂ.૪૦૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૨.૫ વધી રૂ.૯૦૩ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૮ પૈસા વધી રૂ.૩.૬૭ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૧ પૈસા ઘટી રૂ.૦.૧ના ભાવે બોલાયો હતો.

# ગોપાલ ઈટાલીયાનો મુખ્યમંત્રીને પત્ર : દિકરીઓના લગ્નની વય વધારીને ૨૧ વરસ અને નોંધણી તેમના કાયમી સરનામે કરવાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર



છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં કાયદાકીય રીતે પુખ્ત ઉંમરની હોય પરંતુ સામાજિક દ્રષ્ટીએ અપરીપકવ ઉંમરની દિકરીઓ ભાગી જવાના / ભગાડી જવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે.

કોઈપણ પરીવારની માસુમ દિકરીને લલચાવી ને કે ફોસલાવીને ભગાડી ને લઈ જવાથી માત્ર દિકરીના પરીવાર કે તેની જ્ઞાતિને જ તકલીફ નથી પડતી પરંતુ સમાજમાં બીજા અનેક નવા પ્રશ્નો ઉભા થાય છે.

એવામાં વિસાવદરના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને લગ્નના કાયદામાં કેટલાક સુધારા કરવાનુ સુચન કર્યુ છે. પોતાની રજુઆતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ જણાવ્યુ છે કે મોટાભાગના કિસ્સાઓમાં શાળામાં ભણતી દિકરીઓને ટાર્ગેટ કરીને તેમને પ્રેમજાળમાં ફસાવવામાં આવે છે. તેમની મુગ્ધ ઉંમર અને કાચી સમજણનો ગેરલાભ લેવામાં આવે છે, જે બાદ દિકરીની ઉંમર ૧૮ વર્ષ પુર્ણ થાય તેની રાહ જોવામાં આવે છે, છોકરી ૧૮ વર્ષની થાય, તેના થોડા દિવસોમાં જ તેને ભગાડવામાં આવે છે, જે બાદ પોતાના વતનથી દુર ના જિલ્લાના કોઈ અંતરીયાળ ગામમાં જઈને કોઈપણ પ્રકારના ડોકયુમેન્ટ વિના પૈસા લઈને લગ્નની નોંધણી કરી આપવામાં આવે છે આ માટે એક આખુ ષડયંત્ર ચાલી રહ્યુ છે.

ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ૧૮ વરસ આસપાસની વયે કાચી સમજણના આધારે ભાગીને લગ્ન કરનાર દિકરીનુ ભણતર બગડે છે અને તે સ્વનિર્ભર બની શકતી નથી. ભાગીને લગ્ન કરનાર દિકરીને માતા પિતાની મિલ્કતમાંથી ભાગ મેળવવા અંગે કોઈ કાયદાકીય સ્પષ્ટતા ન હોવાથી તેને કોર્ટ કચેરીના ધકકા ખાવાનો વારો આવે છે, અપરીપકવતા અને કાચી સમજણના કારણે કરેલા પ્રેમલગ્ન જયારે ભાંગી પડે છે ત્યારે છુટાછેડાનો પ્રશ્ન અત્યંત જટીલ બને છે. કોઈ કિસ્સામાં છોકરીને સરળતાથી છુટાછેડા મળતા નથી તો કોઈ કિસ્સામાં છોકરાને સરળતાથી છુટાછેડા મળતા નથી, ઘણી વખત છોકરી દ્વારા પોતાના મા બાપ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરવામાં આવે છે જેના કારણે માતા પિતાએ હેરાન થવુ પડે છે, તો ઘણી વખત છોકરાના માતા પિતા સામે ફરીયાદ થાય છે ત્યારે પરીવારના સભ્યોએ પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડે છે. લગ્ન અનેક પ્રકારની જવાબદારીઓ સાથે જોડાયેલી સામાજિક વ્યવસ્થા છે એવામાં આવી રીતે છેતરપીડીંથી થયેલા લગ્ન સમાજમાં અનેક નવી સમસ્યા સર્જે છે.

આથી આજના સમય પ્રમાણે માતા પિતા પોતાની દિકરીના લગ્ન ૨૧ અથવા ૨૨ વરસની આસપાસ કરી રહ્યા છે. એવામાં સરકારે પણ કાયદામાં ફેરફાર કરીને દિકરીના લગ્નની ઉંમર વધારીને ૨૧ વરસ કરવી જોઈએ. આવી જ રીતે કોઈ અંતરીયાળ ગામમાં લગ્નની નોંધણી કરાવવાની જગ્યાએ સરકારે કાયદામાં ફેરફાર કરીને છોકરીનુ કાયમી રહેઠાણ, જયાં હોય ત્યાં ફરજીયાત નોંધણી કરાવવી જોઈએ.

# આમ આદમી પાર્ટીનો ગુજરાતમાં મોટો દાવ : ૧૦ હજાર બેઠકો પર સ્થાનિક સ્વરાજયની ચુંટણી લડશે

## ગુજરાત ભાજપનુ કયુ એવુ મોડલ છે જયાં મહિલાઓએ આત્મવિલોપન કરવુ પડે છે: દેવુ દિવસે દિવસે વધી રહ્યુ છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




આમ આદમી પાર્ટીએ જાહેરાત કરી છે કે ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ૧૦ હજાર બેઠકો પર ચુંટણી લડશે. ગુજરાત આપના પ્રમુખ ઈસુદાન ગઢવી અને મહામંત્રી મનોજ સોરઠીયાએ સંયુકત રીતે ઉમેદવારો માટે ઉમેદવારી પત્રો બહાર પાડયા અને દાવો કર્યો કે પાર્ટી રાજયમાં એક વિશ્વસનીય રાજકીય વિકલ્પ તરીકે ઉભરી આવી છે.

રાજયના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં અનેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ યોજાવવાની છે. આપના ગુજરાત એકમના પ્રમુખ ઈસુદાન ગઢવી અને મહામંત્રી મનોજ સોરઠીયાએ સંયુકત રીતે યોજેલી પ્રેસ કોન્ફરન્સ માં દાવો કર્યો હતો કે રાજયમાં એક વિશ્વસનીય પાર્ટી લડવા માટે તૈયારી કરી બેઠી છે. સોરઠીયાએ જાહેરાત કરી હતી કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ૩ મહિના પછી યોજાશે અને આમ આદમી પાર્ટી રાજયના તમામ જિલ્લા અને તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ અને મ્યુનિસીપલ કોર્પોરેશનોમાં ૧૦ હજાર થી વધુ બેઠકો પર ચુંટણી લડશે. સોરઠીયાએ વધુમાં કહ્યુ હતુ કે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી એવા બધા લોકોનુ સ્વાગત કરે છે જેઓ ગુજરાતમાં પરીવર્તન લાવવા માગે છે અને રાજયના ભાજપના ભ્રષ્ટ સાશન થી મુકત કરવા માંગે છે. અમે ગુજરાતના સામાજિક નેતાઓ, રાજકીય અને ખેડુત નેતાઓ તેમજ યુવાનો અને ઉદ્યોગપતિઓને આમ આદમી પાર્ટીમાં જોડાવવા અને ચુંટણી લડવાની તક આપી રહ્યા છીએ, અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી એવા લોકોનુ સ્વાગત કરે છે જેઓ ગુજરાતમાં પરીવર્તન લાવવા માંગે છે. ગુજરાત આમ આદમી પાર્ટીએ ઉમેદવારી માટે ફોર્મ જાહેર કર્યુ છે, સ્થાનિક સ્વરાજયની ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો માટે ફોર્મ જાહેર કર્યુ છે, આ વિશે આમ આદમી પાર્ટી સંગઠન મંત્રી મનોજ સોરઠીયાએ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં ત્રીજા વિકલ્પ તરીકે ઉભરી રહી છે,

સ્થાનિક સ્વરાજયની ૧૦ હજાર થી વધારે બેઠકો પર ચુંટણી લડાશે, આમ આદમી પાર્ટી ગુજરાતની સેવા કરવા ઈચ્છુક યુવાનોને આહવાન કરે છે કે સામાજિક અને રાજકીય આગેવાનોને આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી કરવા આમંત્રણ આપે છે. ગુજરાત આમ આદમી પાર્ટીએ ઉમેદવારી માટે ઈચ્છુક લોકો માટે ફોર્મ જાહેર કર્યુ છે. ભરેલુ ફોર્મ જિલ્લા સ્તરે જમા કરાવી શકાશે. ઓનલાઈન માધ્યમથી પણ ફોર્મ જમા કરાવી શકાશે. જે ફોર્મ જમા થયા હશે તેમાંથી સ્કુટી ની કરી યોગ્ય લોકોને પસંદ કરાશે, પસંદ થયેલા લોકોના આમ આદમી પાર્ટી ઉમેદવારી તરીકે તક અપાશે, આમ આદમી પાર્ટી પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે ગુજરાતમાં રોજગારી બચાવવા માટે જીવ આપવો પડે છે,

અમદાવાદના જશોદાનગરમાં વિસ્તારનો બનાવ દુઃખદ બન્યો છે. ગુજરાતની બે કરોડ કરતા વધુ મહિલા માટે અરીસા સમાન છે, પોતાનો રોજગાર બચાવવા માટે મહિલાએ આત્મવિલોપન કરવુ પડયું, લાખો રૂપીયાની લાંચ આપ્યા છતાં આ સ્થિતિ છે, સરકારની જવાબદારી રોજગારી આપવાની છે, લોકોએ પોતાના ખર્ચે બનાવેલી દુકાનો સરકાર તોડી રહી છે, ગુજરાતમાં ભાજપનુ કયુ એવુ મોડલ છે જયાં મહિલાઓએ આત્મવિલોપન કરવુ પડે છે. ગુજરાતનુ દેવુ દિવસે દિવસે વધી રહ્યુ છે. ૫ લાખ કરોડ નુ દેવુ થઈ ગયુ છે.

# ગ્લોબલ ટ્રાવેલ એજન્ટ એસોસિએશન (GTAA) સાથે ભવિષ્યલક્ષી રેલવે પહેલ પર અમદાવાદ મંડળનો સંવાદ



અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા તારીખ ૧૯.૦૮.૨૦૨૫ ના રોજ અમદાવાદમાં ગ્લોબલ ટ્રાવેલ એજન્ટ એસોસિએશન (GTAA) સાથે એક મહત્વપૂર્ણ પારસ્પરિક અને ભાગીદારી સત્રનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ "Partnership for Progress: Business Opportunities with Indian Railways" થીમ પર આધારિત હતો.

આ સત્રનો ઉદ્દેશ ભારતીય રેલવે અને ટ્રાવેલ એન્ડ ફ્રેટર્નિટી વચ્ચે એક સહયોગાત્મક મંચ તૈયાર કરવાનો હતો, જ્યાં નવા વ્યાપારિક અવસરો, યાત્રી સેવાઓ, પર્યટન પ્રમોશન અને ભાગીદારીના વિવિધ પરિમાણો પર ચર્ચા કરવામાં આવી. આ પહેલ GTAA ના એ મિશનને દર્શાવે છે જેના હેઠળ ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી અને સરકારી સંસ્થાઓ વચ્ચે સંબંધોને સુદ્રઢ કરી પારસ્પરિક વિકાસ અને વ્યાપારિક ક્ષિતિજનો વિસ્તાર કરવા ઈચ્છે છે.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ એ આ અવસર પર દૂરંદેશી અભિગમ રજૂ કર્યું. તેમણે જણાવ્યું કે ભારતીય રેલવે ફક્ત દેશની પ્રગતિનો આધાર સ્તંભ જ નથી, પરંતુ આ ક્ષેત્રીય આર્થિક વિકાસ, સાંસ્કૃતિક લેવડ-દેવડ અને પર્યટન પ્રમોશનની મહત્વની કડી પણ છે. તેમણે ભારતીય રેલવેની દૂરંદેશી નીતિઓ અને આગામી યોજનાઓની માહિતી આપી – જેમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૩૭૭ સ્ટેશનનોનો પુનઃવિકાસ, બુલેટ ટ્રેન, વંદે ભારત અને નમો ભારત જેવી આધુનિક સેવાઓ સામેલ છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અન્નૂ ત્યાગીએ જણાવ્યું કે ભારતીય રેલવે સતત યાત્રીઓ અને પર્યટન ક્ષેત્રની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવીન યોજનાઓને આગળ વધારી રહ્યું છે. તેમણે ડિજિટલ ટિકિટીંગ સિસ્ટમ, મોબાઈલ એપ આધારિત સુવિધાઓ, સ્ટેશન સંકુલોમાં રેલવે કોચ રેસ્ટોરેન્ટ, પ્રિમિયમ લાઉન્જ, હેરિટેજ ટૂર કિઓસ્ક અને યાત્રીઓની Last-Mile Connectivity માટે ઉબર તથા રેપિડો જેવી સેવાઓના સંકલનની માહિતી આપી.

GTAA (ગ્લોબલ ટ્રાવેલ એજન્ટ એસોસિએશન) ના પ્રેસીડેન્ટ શ્રી સંકેત શાહે ભારતીય રેલવેની વિકાસલક્ષી પરિયોજનાઓની પ્રશંસા કરી અને જણાવ્યું કે રેલવેના વિસ્તૃત નેટવર્ક અને GTAA ની કુશળતાના સંયોજનથી પર્યટન તેમજ યાત્રી સેવાઓને નવી દિશા મળશે. તેમણે વિશેષ રૂપે સ્ટેશન સંકુલોમાં જાહેરાત અવસરો, યાત્રી સેવા કેન્દ્રો, પ્રિમિયમ સુવિધાઓ અને હેરિટેજ ટૂરિઝમને પ્રોત્સાહન આપવા જેવા ક્ષેત્રોમાં ભાગીદારીની શક્યતાઓ પર સકારાત્મક અભિગમ રજૂ કર્યા.

મંડળ પ્રવક્તાએ જણાવ્યું કે આ સંવાદાત્મક સત્રમાં મળેલા તમામ સૂચનોને ભારતીય રેલવેની ભવિષ્યની યોજનાઓમાં સામેલ કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. આનાથી ફક્ત રેલવે સેવાઓની ગુણવત્તા અને કુશળતામાં વધારો જ નહીં થાય, પરંતુ યાત્રીઓના અનુભવને વધુ સમૃદ્ધ અને સંતોષજનક બનાવી શકાશે.

આ સત્ર વિચારો અને સૂચનોની લેવડ-દેવડનું એક પ્રભાવી મંચ સિદ્ધ થયું અને ભારતીય રેલવે તથા યાત્રા વ્યાપાર સમુદાય વચ્ચે સુદ્રઢ ભાગીદારી અને દિર્ઘકાલિન સહકારની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થયું. અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવેએ આ ફરી પુરવાર કર્યું કે તેઓ નવીનતા, ઉત્કૃષ્ટ સેવા, સતત વિકાસ અને યાત્રીઓના કલ્યાણ માટે પૂર્ણપણે પ્રતિબદ્ધ છે, અને આ પ્રતિબદ્ધતા ભારતીય રેલવે મંત્રાલયના દૂરંદેશી વિચાર અને રાષ્ટ્રના સમગ્ર વિકાસના લક્ષ્યાંકોને અનુરૂપ છે.

## પોલીસનો કાફલો કોર્ટ પરિસરમાં દોડી આવ્યો

# ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ



અમદાવાદમાં આવેલી ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ અને પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. હાઈકોર્ટના સત્તાધીશોને એક ઈ-મેલ મળ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કોર્ટ પરિસરમાં બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યા છે. આ ધમકી મળતાની સાથે જ તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી અને હાઈકોર્ટ પરિસરમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું હતું. મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કોર્ટના પ્રવેશ અને બહાર નીકળવાના તમામ રસ્તાઓ સીલ કરી દેવામાં આવ્યા હતા. આ ગંભીર ધમકીને ધ્યાનમાં રાખીને, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) અને અન્ય તમામ સુરક્ષા એજન્સીઓની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. BDDS ટીમે ડોગ સ્ક્વોડ અને મેટલ ડિટેક્ટરની મદદથી હાઈકોર્ટના દરેક ખૂણામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. કોર્ટના વિવિધ બ્લોક્સ, પાર્કિંગ એરિયા, કોર્ટરૂમ્સ અને ઓફિસોમાં તલાશી લેવામાં આવી રહી છે. ધમકીને ગંભીરતાથી લેવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. આ પ્રકારની ધમકી મળવી એ દેશની ન્યાય વ્યવસ્થા અને સુરક્ષા માટે એક મોટો પડકાર છે. પોલીસ દ્વારા ઈ-મેલ મોકલનારની ઓળખ કરવા માટે સાયબર સેલની મદદ પણ લેવામાં આવી રહી છે. આ ધમકી પાછળ કોનો હાથ છે અને તેનો ઉદ્દેશ શું છે તે જાણવા માટે તપાસ ચાલી રહી છે. હાલ તો સમગ્ર કોર્ટ પરિસરમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત સઘન કરી દેવામાં આવી છે અને સંપૂર્ણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી એલર્ટ યથાવત રહેશે.

# દાતરડી ગામ નજીક પાંચ ખેડૂતો ખેતરમાં ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક આજે એક ખેતરમાં પાંચ ખેડૂતો ફસાયા હોવાની ઘટના સામે આવી હતી. ખેતરોમાં અચાનક પાણી ફરી વળતા ખેડૂતો ત્યાં ફસાઈ ગયા હતા. જે બાદ તેમને બચાવવા માટે એનડીઆરએફની ટીમ બોલાવવામાં આવી હતી અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. દાતરડી નજીકથી પસાર થતી હાંડલીયા નદી અને રામતલીયા નદીમાં ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે અચાનક પાણીનો પ્રવાહ વધી ગયો હતો.સવારે પોતાના ખેતરોમાં ગયેલા આ પાંચ ખેડૂતોને આ વાતનો ખ્યાલ ન રહેતા તેઓ પાણીથી ઘેરાઈ ગયા હતા. તેઓ સવારથી જ ખેતરમાં ફસાયેલા હતા. આ ઘટનાની જાણ તંત્રને થતાં જ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખેડૂતોને સુરક્ષિત રીતે બહાર લાવવા માટે એનડીઆરએફની ટીમને બોલાવવામાં આવી હતી. એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ટૂંક સમયમાં રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રકારની ઘટનાઓ ચોમાસામાં સામાન્ય હોય છે. પરંતુ આ કિસ્સામાં પાણીનું સ્તર અને પ્રવાહ વધુ હોવાથી ખેડૂતો પોતાના દમ પર બહાર નીકળી શકે તેમ નહોતા.

**પશ્ચિમ રેલ્વે**

**પાવર સપ્લાય વ્યવસ્થા**

Sr.DEE/P/BCT ટેન્ડર સૂચના નં. EL-81-921-WA-36 તારીખ 18.08.2025 કામ અને સ્થળ: મુંબઈ વિભાગ - LT પેનલ બદલીને વીજ પુરવઠા વ્યવસ્થાની વિશ્વસનીયતામાં સુધારો. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 4,60,40,722/- E M D : રૂ. 3,80,200/- સબમિશન તારીખ અને સમય: તા. 09.09.2025 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 09.09.2025 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0512

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# મહેસાણામાં હિન્દુ સંગઠનોની આક્રોશ રેલી: બજરંગદળ કાર્યકર પર થયેલા હુમલા મામલે કલેકટરને આવેદનપત્ર અપાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મહેસાણા શહેરના કસ્બા વિસ્તારમાં એક અઠવાડીયા અગાઉ બનેલી ઘટનાએ હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ ઉભો કર્યો છે. ધાર્મિક મહેરીયા નામના બજરંગદળના યુવાન પર લઘુમતી કોમના રાજકીય નેતા સહિત ચાર ઈસમોએ હુમલો કર્યો હતો. આ ઘટના ત્યારે બની હતી જયારે લઘુમતિ કોમના ઈસમની રીક્ષા અને બાઈક વચ્ચે અથડામણ થઈ હતી. આ હુમલા બાદ ચારેય આરોપી ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ જે તે સમયે નોંધાઈ હતી.



આ મામલે આજે બુધવારે મહેસાણા શહેરમાં વિશ્વ હિન્દુ પરીષદ, બજરંગદળ તેમજ અન્ય હિન્દુ સંગઠનો દ્વારા વિશાળ આક્રોશ રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં મોટી સંખ્યામાં હિન્દુ યુવાનો અને નેતાઓ જોડાયા હતા અને તેમણે આ હુમલાની કડક નિંદા કરી હતી. હુમલાખોરોને કડક સજા મળે તેવી માંગ સાથે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

આક્રોશ રેલી પુર્ણ થયા બાદ હિન્દુ સંગઠનોના પ્રતિનિધિઓએ મહેસાણા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતું. આવેદનપત્રમાં બજરંગદળ કાર્યકર પર થયેલા હુમલા મામલે કડક કાર્યવાહી કરવાની અને આરોપીઓને કાયદેસર સજા અપાવવા માટે જરૂરી પગલા લેવા વિનંતી કરવામાં આવી હતી. હિન્દુ સંગઠનોનુ કહેવુ છે કે આવા બનાવો ફરી ન બને તે માટે કડક કાર્યવાહી જરૂરી છે.

### ૧૮ ઓગસ્ટે સાયબર ફ્રોડ કેસમાં સુરત પોલીસે ચાર્જશીટ ફાઈલ કરી હતી

# સુરતના ઉધનામાં ૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં વધુ ૧૩ આરોપીઓ ઝડપાયા : ઓફીસ પર ખોટા બેનર લગાવી બેંક વિઝીટ મંજુર કરતા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સુરતના ઉધનામાં રૂપીયા ૧૫૫૦ કરોડના સાયબર ક્રાઈમના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આ કેસ મામલે વધુ ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. અગાઉ આ કેસમાં ૪ આરોપીઓ ઝડપાયા હતા. ત્યારબાદ ૮ આરબીએલ બેંકના કર્મચારી ઝડપાયા હતા, હવે આ કેસમાં ૧૧ એકાઉન્ટ હોલ્ડર અને ૨ બોગસ દુકાન ઉભી કરનારા ઝડપાયા હતા. આ સાયબર ફ્રોડ કેસમાં ૫૫ બેંક એકાઉન્ટનો ઉપયોગ થયો હતો.



આ અંગે સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે તમામ લોકોની તપાસ કરતા મોટાભાગના લોકો પાસેથી છેતરપીડીંથી ડોકયુમેન્ટ લઈ બેંક એકાઉન્ટ ખોલાવ્યા હોવાનુ બહાર આવ્યુ છે. આરોપી લોકોને લોન અપાવવાના બહાને તેમના ડોકયુમેન્ટ લઈ બેંક એકાઉન્ટ ખોલાવતા હતા. તો બીજી તરફ ૧૧ લોકો એવા હતા કે જેને ૫૦ હજાર રૂપીયાથી લઈ ૨ લાખ કમિશન લઈ પોતાના એકાઉન્ટ ઉધાર આપ્યા હતા, અન્ય ૨ લોકો ખોટા જીએસટી નંબર અને પોતાની ઓફીસ પર ખોટા બેનરો લગાવી બેંક વિઝીટ એપ્રુવલ કરતા હતા, આ કેસમાં બીજા મુખ્ય આરોપી દુબઈ અને કયુબાના હોવાનુ બહાર આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ ૧૮ ઓગસ્ટે જ સાયબર ફ્રોડ કેસમાં સુરત પોલીસે ચાર્જશીટ ફાઈલ કરી હતી. ૧૫૫૦ કરોડના કૌભાંડમાં ૧.૫૦ લાખ પાનાની ચાર્જશીટ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવી છે. ગુજરાતમાં કોઈ ગુન્હામાં ફાઈલ નથી થઈ એટલી આ સૌથી મોટી ચાર્જશીટ ફાઈલ થઈ છે. ઉધના પોલીસે સાયબર ફ્રોડ નો ગુન્હો નોંધ્યો હતો અને ગુન્હામાં પકડાયેલા તમામ આરોપીઓ હાલ જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

# અમદાવાદમાં ૧૯૯૮ ના એન્કાઉન્ટર કેસમાં ચાર આરોપીઓને ડીસ્ચાર્જ કરવાનો આદેશ રદ કરતી હાઈકોર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના દરીયાપુર વિસ્તારમાં વર્ષ ૧૯૯૮ માં શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે પાડેલા દરોડાના કેસમાં ૬ આરોપીઓના સામ સામે ગોળીબારમાં મરણ અને ચાર આરોપીઓ અત્યંત ઘાતક હથિયારો સાથે પકડાઈ જવાના કેસ ની ટ્રાયલ હવે ૨૬ વરસ બાદ ફરી શરૂ થાય તે રીતનો આદેશ ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે.



આ કેસમાં ચાર આરોપીઓ મોટા પ્રમાણમાં આરડીએકસ, હેન્ડ ગ્રેનેડ, કાર્ટીજ, એકે ૫૬ સહિતના ઘાતક હથિયારો સાથે પકડાઈ ગયા હતા. ૧૯૯૯ માં સેશન્સ કોર્ટે ચારેય આરોપીઓને ડીસ્ચાર્જ કરી દીધા હતા જેની સામે રાજય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવતા જસ્ટીસ ઈલેશ જે વોરા અને જસ્ટીસ પી એમ રાવલની ખંડપીઠે સેશન્સ કોર્ટના આરોપીઓને ડીસ્ચાર્જ કરતા હુકમને રદબાતલ ઠરાવ્યો હતો. એટલુ જ નહી તમામ ચારેય આરોપીઓ વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી ટ્રાયલ ચલાવવાનો આદેશ કર્યો હતો. ચારેય આરોપીઓમાં નાસીરમીયા મહંમદમીયા શેખ, અહમદ હુસેન વલીમહમંદ સૈયદ, જાવેદખાન અજીજખાન પઠાણ અને રજનીકાંત દુધાભાઈ પરમારનો સમાવેશ થાય છે.

કેસની વિગતો અનુસાર ગઈ તા. ૨૩/૩/૧૯૯૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ તરૂણ બારોટને મળેલી બાતમીના આધારે સાયરાબાનુ ઈશાક ઈબ્રાહીમ શેખ ના ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યારે ત્યાં હાજર આરોપીઓ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી અને તે વખતે સામ સામે થયેલા ગોળીબારમાં ૬ આરોપીઓના મોત નિપજયા હતા.

પોલીસે ઘટનાસ્થળે થી આરડીએકસ, હેન્ડ ગ્રેનેડ, રાઈફલ્સ, કાર્ટીજ, એકે ૫૬, મેગેઝીન, જીવતા કારતુસ સહિતના ઘાતક હથિયારો જપ્ત કર્યા હતા. સરકાર તરફથી રજુઆત કરી હતી કે આ કેસમાં સેશન્સ કોર્ટે ઉપરોકત ચારેય આરોપીઓને ખોટી રીતે ડીસ્ચાર્જ કર્યા છે કે જયારે તેઓની વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ છે અને પુરતા તેમજ મજબુત પુરાવાઓ પણ છે. તમામ આરોપીઓ કાવતરામાં સામેલ હતા અને તેઓની સક્રિય ભુમિકા હતી. તેમ છતાં ટ્રાયલ કોર્ટે આરોપીઓને બિન તહોમત છોડી મુકવાનો હુકમ કર્યો હતો. જે હુકમ બિલકુલ ગેરકાયદે, અયોગ્ય અને રદબાતલ થવા પાત્ર ઠરે છે. સરકાર પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે ઉપરોકત ચાર આરોપીઓને કેસમાંથી બિન તહોમત છોડી મુકવાના (ડીસ્ચાર્જ કરતા ) તા. ૧૩/૯/૧૯૯૯ ના હુકમને રદબાતલ ઠરાવ્યો હતો અને તમામની સામે ચાર્જ ફ્રેમ કરી કાયદાનુસાર ટ્રાયલ ચલાવવા મહત્વનો હુકમ કર્યો હતો.

હાઈકોર્ટના આ હુકમને પગલે ચારેય આરોપીઓ વિરૂધ્ધ કેસનો ટ્રાયલ આર્મ્સ એકટ, આઈપીસી, એકસ્પ્લોઝીવ સબ સ્ટન્સ એકટ સહિતની કાયદાકીય કલમો હેઠળ ૨૬ વરસ બાદ શરૂ થશે. આ કેસ એટલા માટે પણ મહત્વનો છે કારણ કે તેમાં આરોપીઓનુ પાકિસ્તાન કનેકશન ખુલ્યુ હતુ અને જેલમાંથી પાકિસ્તાનમાં સંખ્યાબંધ વખત વાતચીત થઈ હોવા સહિતના ચોંકાવનારા ખુલાસાઓ પણ બહાર આવ્યા હતા.

# સેવન્થ ડે સ્કુલ હત્યા કેસ : મૃતક વિદ્યાર્થીની અંતિમ વિધી : ભારેલા અગ્નિ જેવી પરીસ્થિતિ સર્જાઈ



### અમદાવાદની સેવન્થ ડે સ્કુલમાં હત્યા : ધો. ૮ ના વિદ્યાર્થીએ ધો. ૧૦ ના વિદ્યાર્થીને છરી મારી કરી હત્યા : સગીર આરોપી ઝડપાયો : ટોળાએ હલ્લાબોલ કરી સ્કુલમાં કરી તોડફોડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કુલમાં એક ચોંકાવનારી ઘટનાએ અમદાવાદ શહેરમાં ભારે હડકંપ મચાવ્યો હતો. ગઈ કાલે ૧૯ ઓગસ્ટના રોજ ધો. ૮ ના વિદ્યાર્થીએ ધો. ૧૦ ના વિદ્યાર્થી પર છરી વડે હુમલો કર્યો હતો. જેના પગલે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનુ આજે તા. ૨૦ ઓગસ્ટની સવારે મણીનગરની ખાનગી હોસ્પીટલમાં મોત નિપજયુ હતું. આ બનાવે સ્થાનિક સમુદાયમાં આક્રોશ ફેલાવ્યો હતો. જેના પરીણામે સ્કુલમાં તોડફોડ અને હિંસક ઘટનાઓ બની હતી. હાલ આ કેસની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે અને મૃતકની અંતિમ યાત્રા દરમિયાન તણાવની પરીસ્થિતિને ધ્યાને લઈ ક્રાઈમ બ્રાન્ચને એલર્ટ કરી દેવામાં આવ્યુ છે.

મળતી માહિતી અનુસાર આ બનાવ ગઈ કાલે ૧૯ ઓગસ્ટના રોજ સેવન્થ ડે સ્કુલમાં બન્યો હતો જયાં એક અઠવાડીયા અગાઉ બનેલા ધકકા મુકકી ના બનાવને લઈને ધો. ૮ અને ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો આ ઝઘડો એટલો બધો વધી ગયો કે ધો. ૮ ના વિદ્યાર્થીએ ધો. ૧૦ ના વિદ્યાર્થી પર છરી વડે હુમલો કર્યો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલીક મણીનગરની ખાનગી હોસ્પીટલમાં લઈ જવાયો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનુ મૃત્યુ થયુ હતું. પોલીસે પ્રાથમિક રીતે હત્યાનો પ્રયાસનો ગુન્હો નોંધ્યો હતો જે હવે હત્યામાં ફેરવાઈ ગયો, આરોપી વિદ્યાર્થી જે સગીર છે, અને શાહઆલમનો રહેવાસી છે.તેની ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મૃતક વિદ્યાર્થીના મોતના સમાચાર વાયુવેગે ફેલાતા જ સિંધી સમુદાય, મૃતકના પરીવારજનો અને વાલીઓ સહિત લગભગ ૨ હજાર થી વધુ લોકો આજે તા. ૨૦ ઓગસ્ટને સવારે સેવન્થ ડે સ્કુલ પર ટોળા સાથે ભેગા હતા, આક્રોશિત ટોળાએ સ્કુલના પ્રિન્સિપાલ અને સ્ટાફ ઉપર મારપીટ કરી હતી, તેમજ બસો, કાર અને ટુ વ્હીલર સહિત પાર્કિંગમાં ઉભા રહેલા વાહનોમાં ભારે તોડફોડ કરી હતી. સ્કુલના દરવાજા, બારીયો તેમજ કાચની પેનલો તોડી નાખવામાં આવી હતી. એક સ્ટાફના સભ્યને ટોળાએ ઉપરના માળે ખેંચી લઈ જઈ માર માર્યો હતો, પોલીસે સ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો પરંતુ ટોળાનો આક્રોશ એટલો વધી ગયો હતો કે પોલીસની ગાળીને પણ પણ નુકશાન પહોંચાડવામાં આવ્યુ હતું. બાદમાં ટોળાએ સ્કુલની બહાર રસ્તા પર બેસીને ચકકાજામ કરી પોલીસ વિરૂધ્ધ ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. સ્થિતિ વધુ વણસતા પોલીસે લાઠીચાર્જ કરીને ભીડને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો, આ દરમિયાન મહિલા પોલીસ અને ટોળામાં રહેલી મહિલાઓ વચ્ચે ઘર્ષણ થતા વાતાવરણ વધુ તંગ બની જવા પામ્યુ હતું. અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કુલમાં ધો. ૮ ના વિદ્યાર્થી દ્વારા ધો. ૧૦ ના વિદ્યાર્થી નયનની હત્યાની ચોંકાવનારી ઘટના બાદ નયનનુ મૃત્યુ થયુ હતું. આજે ૨૦ ઓગસ્ટે નયનનો મૃતદેહ ઈસનપુર સ્મશાન ખાતે પંચમહાભુતમાં વિલીન થયો હતો. નયનની અંતિમવિધી આજે બુધવારે સવારે ધાર્મિક રીત રીવાજો સાથે સંપન્ન કરવામાં આવી હતી. જેમાં તેના કાકા અને પિતરાઈ ભાઈએ અગ્નિદાહ આપ્યો હતો. આ દુઃખદ પ્રસંગે નયનના માતા પિતા, સિંધી સમાજના અગ્રણીઓ, ધારાસભ્ય પાયલ કુકરાણી અને અમુલ ભટ્ટ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને મૃતકના પરીવારને સાંત્વના પાઠવી હતી. આ ઘટનાએ સ્થાનિક સમુદાયમાં તીવ્ર આક્રોશ ફેલાવ્યો હતો, સિંધી સમુદાયના સભ્યો ઉપરાંત બજરંગદળ, વિશ્વ હિન્દુ પરીષદ (વીએચપી) અને એબીવીપીના કાર્યકર્તાઓ કેસરીખેસ પહેરીને જય શ્રી રામના નારા લાગવતા સ્કુલે પહોચ્યા હતા, કેટલાક પ્રદર્શનકારીઓએ આ ઘટનાને સાંપ્રદાયીક રંગ આપવાનો પ્રયાસ કર્યો. કારણ કે આરોપી વિદ્યાર્થી મુસ્લીમ સમુદાયનો હતો જયારે મૃતક સિંધી સમુદાયનો હતો, રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ આ બનાવને સામાજિક ચિંતનનો વિષય ગણાવીને તેને ગંભીર ગણાવ્યો હતો, વધુમાં મંત્રીએ કહ્યુ હતુ કે આ ઘટના શિક્ષણ સંસ્થાઓમાં સુરક્ષા અને શિસ્તની જરૂરીયાતને ઉજાગર કરે છે,

અમદાવાદ પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરીને આરોપી સગીરની ધરપકડ કરી અને ઘટનાના સીસીટીવી ફુટેજ તેમજ સાક્ષીઓના નિવેદન એકઠા કર્યા હતા. ખોખરા પોલીસે પ્રાથમિક રીતે હત્યાનો પ્રયાસની ફરીયાદ નોંધી હતી. જે હવે હત્યાના ગુન્હામાં ફેરવાઈ ગઈ હતી. આ કેસની તપાસ હવે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. જે આરોપીની પૃષ્ઠ ભુમિ , ઘટનાનુ ચોકકસ કારણ અને અન્ય સંબંધીત વિગતોની તપાસ કરશે, આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કુલ મેનેજમેન્ટને નોટીસ જારી કરી છે કારણ કે સ્કુલે આ બનાવને અવગણવાનો અને તેની જાણકારી છુપાવવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે, સ્કુલને સીસીટીવી ફુટેજ અને રીપોર્ટ સબમીટ કરવા આદેશ આપવામાં આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી શરદ સિંઘલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો જેમાં એકે બીજાને છરી મારી, મૃતકના મોત બાદ લોકોએ સ્કુલમાં તોડફોડ કરી અમે આ કેસની ઉંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છીએ. મૃતક વિદ્યાર્થીની અંતિમ યાત્રા આજે સવારે તેના ઘરેથી નિકળી જે સેવન્થ ડે સ્કુલ થઈને પસાર થઈ હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં લોકોની ભીડને ધ્યાનમાં રાખીને ક્રાઈમ બ્રાન્ચે સુરક્ષા વ્યવસ્થા કડક કરી હતી. સ્કુલ પર અગાઉ થી જ હજારો લોકો એકઠા થઈ ગયેલા હોવાથી કોઈપણ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રની ૫ નગરપાલિકાઓમાં ખાલી પડેલી ચીફ ઓફીસરોની ૧૦ જગ્યા નિવૃત્તિઓથી ભરાશે : જગ્યા ન ભરાય ત્યાં સુધી દર સોમવારે ઈન્ટરવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

સૌરાષ્ટ્રની નગરપાલિકાઓની રાજકોટ ખાતે આવેલી પ્રાદેશિક કમિશ્નર કચેરી દ્વારા આ અંગે કરવામાં આવેલી જાહેરાત મુજબ પોરબંદર જિલ્લામાં રાણાવાવ, કચ્છ જિલ્લામાં ભચાઉ-મુંદ્રા, મોરબી જિલ્લામાં માળીયા મીયાણા, ટંકારા, દેવભુમિ દ્વારકા જિલ્લામાં સલાયા, ઓખા, જામરાવલ, જામનગર જિલ્લામાં ધ્રોલ અને સિકકા નગરપાલિકાઓમા ચીફ ઓફીસરોની જગ્યા ખાલી પડી છે. આવી જગ્યા પર નિવૃત્ત સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને લેવામાં આવશે,

આ માટે પ્રથમ વોક ઈન ઈન્ટરવ્યુ આગામી તા. ૮ સપ્ટેમ્બરના રોજ પ્રાદેશિક કમિશ્નર ની કચેરી સરકારી પ્રેસ ની બાજુમાં રીડ કલબ રોડ ત્રીજા માળે રાખવામાં આવ્યુ છે. જો પ્રથમ ઈન્ટરવ્યુ માં જગ્યા નહી ભરાય અથવા તો ભવિષ્યમાં નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરોની જગ્યા ખાલી થવાના પ્રસંગે તા. ૩૧ ડીસેમ્બર સુધી દર સોમવારે બપોરે ૧૨ કલાકે ઈન્ટરવ્યુ રાખવામાં આવશે. નિવૃત્ત નાયબ કલેકટર, નિવૃત્ત મામલતદાર, નિવૃત્ત નાયબ મામલતદાર, રાજય સરકારના જુદા જુદા વિભાગો અને મહાનગરપાલિકા, હાઉસિંગ બોર્ડ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જળસંપત્તિ વિકાસ નિગમ, સરદાર સરોવર નર્મદા નિગમ, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, જિલ્લા પંચાયતમાંથી નિવૃત્ત થયેલા નાયબ કાર્યપાલક ઈજનેર આ માટે લાયક ગણાશે. પરંતુ તેમની ઉંમર ૬૨ વરસ થી ઓછી હોવી જોઈએ અને ખાનગી અહેવાલ સારા હોવા જોઈએ. ખાતાકીય તપાસ ચાલુ ન હોવી જોઈએ, તેવી લાયકાત નકકી કરવામાં આવી છે.

નિવૃત્ત નાયબ કલેકટરને ૬૦ હજાર, નિવૃત્ત મામલતદાર ને ૪૦ હજાર, નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેરને ૪૦ હજાર, નિવૃત્ત નાયબ મામલતદાર ને રૂપીયા ૩૦ હજાર પગાર પેટે દર મહિને આપવામાં આવશે. ઉમેદવારોએ ઈન્ટરવ્યુ સમયે અરજી પત્રક સાથે નિવૃત્તિનો હુકમ, જન્મનુ પ્રમાણપત્ર, છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલો, ખાતાકીય તપાસ ચાલુ ન હોવા અંગેનુ સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર સાથે હાજર થવુ પડશે.

# સ્વ.રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ગુજરાત કોંગ્રેસનો પુષ્પાંજલી કાર્યક્રમ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજીવ ગાંધી ભવન ખાતે સ્વ. રાજીવ ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રદેશ પ્રમુખ ચાવડાએ મીડીયા સાથે સંવાદ કર્યો હતો,

ચાવડાએ જણાવ્યુ હતુ કે આધુનિક ભારતના સ્વપ્ન દ્રષ્ટા અને સંચાર ક્રાંતિના પાયાથી સમગ્ર વિશ્વ સાથે ભારતના જન જનને જોડવાનો શ્રેય જેના શીરે જાય છે એવા રાજીવજીએ આધુનિક ભારતના વિચારનો પાયો હિન્દુસ્તાનમાં નાખ્યો અને તે સંચાર ક્રાંતિ થી આજે ભારતમાં એક ગામડામાં ગરીબની ઝુંપડીએ જન્મતુ બાળક મુઠ્ઠીમાં મોબાઈલથી સમગ્ર વિશ્વની સફર કરવા સફળ બન્યો છે. ૧૯૮૭ માં ૨૧ મી સદીના સ્વપ્નદ્રષ્ટા રાજીવ ગાંધીની દુરંદેશી નીતિઓને ટેકનોલોજી મિશન દ્વારા સાર્વત્રિક રસીકરણ, શુધ્ધ પીવાનુ પાણી, શિક્ષણ, ટેલીકોમ્યુનિકેશનના પાયાગત, માળખાકીય સગવડ-સુવિધાઓ ઉભી કરી અને આધુનિક ભારતના નિર્માણ તરફ શ્રેષ્ઠ પગલા ભર્યા, રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પુષ્પાંજલી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે આવી શકે છે : સુરતમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખોની શિબિરમાં રાહુલ ગાંધી હાજરી આપશે

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૪૦ દિવસમાં બીજી વાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે, જે કોંગ્રેસનુ મિશન ૨૦૨૭ ની તૈયારીઓનો ભાગ માનવામાં આવી રહ્યુ છે,



આ મુલાકાત દરમિયાન તેઓ સુરતમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખોની શિબિરમાં હાજરી આપશે. જયાં પાર્ટીના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે, તો બીજી તરફ કોંગ્રેસ ગુજરાતમાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો આપવાની તૈયારીમાં હોવાનુ માનવામાં આવી રહ્યુ છે.

રાહુલ ગાંધીની મુલાકાતનો મુખ્ય હેતુ મિશન ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીઓની તૈયારીઓ માટે જિલ્લા પ્રમુખોને તાલીમ આપવાનો છે. આગામી તા. ૨૫ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર સુધી ચાલનારા આ ૧૦ દિવસના ટ્રેનીંગ પ્રોગ્રામમાં રાહુલ ગાંધી એક દિવસ માટે હાજર રહેશે અને તેઓ જિલ્લા કોંગ્રેસના પ્રમુખોને માર્ગદર્શન આપશે. આ સાથે જ પ્રથમવાર તાલુકા અને નગરપાલિકાના પ્રમુખોની નિમણુંક એક સાથે કરવામાં આવશે. જે પાર્ટીને સ્થાનિક સ્તરે વધુ મજબુત બનાવવાની રણનીતીનો ભાગ છે.

# ભાજપે બચુ ખાબડને ખસેડવા કર્યુ સેટીંગ : દાહોદમાં ઓપરેશન કમલની તૈયારી: ભરત વાખળાને ભાજપમાં લાવવા બચુ ખાબડને રાજકીય રીતે વેતરી નાંખશે

પ્રતિનિધિ,ગાંધીનગર

બચુ ખાબડના મત વિસ્તાર ધાનપુર અને દેવગઢબારીયા તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત કરોડો રૂપીયાના ભ્રષ્ટાચારના આરોપમાં પોલીસ ફરીયાદ નોંધાઈ હતી, આ મામલે બચુ ખાબડના પુત્રો કિરણ ખાબડ અને બળવંત ખાબડની સંડોવણી બહાર આવતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી. મનરેગા કૌભાંડને લઈને બચુ ખાબડનો ચારેય તરફ વિરોધ થઈ રહ્યો છે અને વિરોધ પક્ષોએ તેમના રાજીનામાની માંગણી કરી હતી. આ ઉપરાંત દાહોદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાંથી બચુ ખાબડને બાકાત રાખવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી કેબિનેટની બેઠકો અને જાહેર કાર્યક્રમોમાં પણ તેમની ગેરહાજરી જોવા મળી રહી છે. જેના કારણે તેમને મંત્રી પદેથી દુર કરવાની અટકળો તેજ થઈ ગઈ છે. આવા સંજોગોમાં ભરત વાખળા ને




ભાજપમાં લાવવાની કવાયત શરૂ થતા બચુ ખાબડનુ રાજકીય ભાવી અનિશ્ચિત લાગી રહ્યુ છે. આદિવાસી વિસ્તારોમાં આમ આદમી પાર્ટી કરતા કોંગ્રેસનુ રાજકીય વજન વધી રહ્યુ છે. તેમાં રાહુલ ગાંધીના ગુજરાત આગમન બાદ કોંગ્રેસ સક્રિય થયુ છે. જેના કારણે ભાજપને ડર પેઠો છે કે આગામી ચુંટણીમાં દાહોદમાં ભાજપને નુકશાન થઈ શકે છે. તે જોતા ભાજપે ભરત વાખળાને કેસરીયો ખેસ પહેરાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અત્રે જણાવી દઈએ કે ભરત વાખળા દેવગઢબારીયામાં મંત્રી બચુ ખાબડના કટ્ટર હરીફ રહ્યા છે , વર્ષ ૨૦૧૭ મા કોંગ્રેસના ઉમેદવાર અને વર્ષ ૨૦૨૨ માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે મંત્રી બચુ ખાબડ સામે ચુંટણી લડી ચુકયા છે બંને ચુંટણીમાં ભરત વાખળાનો વોટ શેર વધ્યો છે. મનરેગા કૌભાંડને કારણે દાહોદ મત વિસ્તારમાં સરકાર વિરોધી વાતાવરણ ઉભુ થયુ છે. જેમાં બચુ ખાબડના કટ્ટર હરીફ ભરત વાખળાની મહત્વની ભુમિકા રહી છે.

ભરત વાખળા મુળ કોંગ્રેસના દેવગઢ બારીયાના અગ્રણી નેતા તરીકે ઓળખાતા હતા. ૨૦૧૭ ની વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસે તેમને બચુ ખાબડ સામે ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા હતા. જેમાં તેમની હાર થઈ હતી. પરંતુ તેમણે ૩૩.૧૯ ટકા મતો મેળવ્યા હતા. ત્યારબાદ ૨૦૨૨ ની ચુંટણી અગાઉ તેઓ કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા અને બચુ ખાબડ સામે ઉમેદવારી કરી ૩૫.૫૮ ટકા મતો મેળવ્યા હતા, હવે ભરત વાખળા ભાજપમાં જોડાવવાની તૈયારી કરી રહ્યા હોવાથી બચુ ખાબડનુ રાજકીય પત્તુ કપાઈ જાય તેવી શકયતા દેખાઈ રહી છે.